**<u>વંચાણે લીધું :– નામ.સર્વોચ્ચ અદાલતે સીવીલ રીટ પીટીશન નં.૫૩૪/૨૦૨૦ ના</u>**

**<u>કામે તા.૧૬/૦૩/૨૦૨૦ ના રોજ ફરમાવેલ હુકમ અન્વયે</u>**

<u>મોટર અકસ્માત વળતર અરજી અને પસાર થયેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટે દાખલ થતી અરજીઓમાં નીચે જણાવ્યા મુજબની વિગતો ફરજીયાતપણે જાહેર કરવા બાબત.</u>

ઉપરોકત સંદર્ભમાં જણાવેલ નામ.સર્વોચ્ચ અદાલતે પસાર કરેલ આદેશ અન્વયે, મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા તથા લીંબડી ખાતે દાખલ થતી તમામ પ્રકારની મોટર અકસ્માતની વળતર અરજીઓ, પસાર કરવામાં આવેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટેની દાખલ થતી વળતરની અરજીઓમાં તા. ૦૧/૦૧/૨૦૨૨ ના રોજથી નીચે દર્શાવ્યા મુજબની વિગતો ફરજીયાતપણે દર્શાવવાની અને લખવાની રહેશે. આ ઉપરાત સંલગ્ન દસ્તાવેજી આધારોની સ્વયંપ્રમાણીત નકલો રજુ કરવાની રહેશે.

(૧) અરજીમાં અરજદારોના નામ–સરનામા, જે બેંકમાં ખાતુ ધરાવતા હોય તે બેંકનું નામ, ખાતા નંબર, શાખાનું નામ અને બેંકનો આઈ.એફ.એસ.સી.કોડ નંબર અવશ્ય પણે લખવાનો રહેશે.

(૨) અરજીમાં દર્શાવેલ બેંક ખાતાની વિગતો અન્વયે બેંકની પાસબુકના પ્રથમ પાનાની નકલ અરજદારનાં ફોટા વાળી બેંક ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલ હોય તે ફરજીયાતપણે રજુ કરવાની રહેશે.

(૩) સગીર અરજદારના કિસ્સામાં સગીરના બેંક ખાતાની વિગત સગીરના વાલી અગર ગાર્ડીયનના નામ સહીતની રજુ કરવાની રહેશે.

(૪) અરજીના મથાળે નામ– સરનામાં સાથે અરજદારનાં પાનકાર્ડની વિગત દર્શાવી તે સાથે પાનકાર્ડની સ્વપ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે.

(૫) અરજીના મથાળે નામ– સરનામાં સાથે અરજદારના આધારકાર્ડની વિગત દર્શાવી તે સાથે સ્વપ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે.

(૬) જો અરજદાર કે અરજદારો પાનકાર્ડ કે આધારકાર્ડ ધરાવતા ન હોય, તો તે મેળવવા માટેની કાર્યવાહી/ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે તે દર્શાવતી પુરસીસ રજુ કરવી અનિવાર્ય છે.

(૭) અકસ્માત વળતરની અરજી દાખલ કરતી વખતે તેના મથાળામાં જે પોલીસ સ્ટેશનની હકુમતમાં અકસ્માત બનેલ હોય તે પોલીસ સ્ટેશનનું નામ, જીલ્લા, તાલુકા સહિત એફ.આઈ.આર. ની વિગત સ્પષ્ટપણે દર્શાવી.

(૮) અકસ્માત અરજી દાખલ કરતી વખતે ઉપરોકત તમામ માહીતીઓ ઉપરાંત મોટર વ્હીકલ રૂલ્સના નિયમ નંબર ૨૧૧ મુજબની જરૂરી અને ફરીજીયાતપણે રજૂ કરવાની થતી માહિતીઓ અને દસ્તાવેજી આધારો રજુ કરવા.

ઉપરોકત તમામ વિગતો, માહિતીઓ અને દસ્તાવેજી આધારો નામ.સર્વોચ્ચ અદાલતે આપેલ માર્ગદર્શન અને ડાયરેકશન અન્વયે નવીન દાખલ કરવામાં આવતી તમામ તથા ટ્રીબ્યુનલ સમક્ષની પેન્ડીંગ રહેલ અરજીઓમાં તથા ટ્રીબ્યુનલમાં ન્યાય નિર્ણય માટે મુલતવી હોય તે તમામ વળતર અરજીઓમાં ચુકાદો જાહેર થતા અગાઉ ઉપરોકત વિગતો દર્શાવતું પત્રક વિના વિલંબે રજુ કરશો.

તા.૨૪/૧૨/૨૦૨૧.

સુરેન્દ્નગર.

જા.નં.૪૧૪૭/૨૦૨૧.

સહી/–

(જે.એસ.પટેલ)
ઈ.ચા. મુખ્ય જીલ્લા ન્યાયાધીશ,
સુરેન્દ્નગર.

સવિનય નકલ રવાના જાણ તથા અમલ સારૂઃ–

(૧) એડીશનલ ડીસ્ટીકટ જજશ્રી, સુરેન્દ્રનગર.
(૨) બીજા/ત્રીજા/ચોથા એડીશનલ ડીસ્ટીકટ જજશ્રી, સુરેન્દ્રનગર/ધ્રાંગધ્રા/લીંબડી.
(૩) ડે.રજીસ્ટ્રાર, એમ.એ.સી.ટી શાખા, જીલ્લા અદાલત, સુરેન્દ્રનગર.
(૪) પ્રમુખશ્રી, બાર એશોશીએશન સુરેન્દ્રનગર/ધ્રાંગધ્રા/લીંબડી.
(૫) તમામ વિમા કંપનીઓ.
(૬) સી.એફ.સી સેન્ટર, જીલ્લા અદાલત, સુરેન્દ્રનગર.
(૭) પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સુરેન્દ્રનગર.
( સુરેન્દ્રનગર જીલ્લા ખાતે આવેલ તમામ પોલીસ મથકે જાણ કરવા સારૂ.)
(૮) નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારૂ.